# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-09-2024** **Morning : 7.10 to 7.20**

**Day: Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર હર્ષ લેઉઆ વાંચે છે.

---

- વડોદરા, મોરબી, કચ્છ સહીતના વિવિધ વરસાદથી અસરગ્રસ્ત જિલ્લાઓની કેન્દ્રીય ટીમ દ્વારા મુલાકાત. - સ્થળ તપાસ કરીને નુકસાનીની વિગતો મેળવી
- રાજ્યમાં માર્ગ અને મકાન વિભાગ હસ્તકના નુકશાન પામેલ રસ્તાઓમાં ૧૫ સપ્ટેમ્બર સુધીમાં કાચા મેટલ પેચવર્કની કામગીરી પૂર્ણ કરાશે
- રોડ, રસ્તા, પાર્કિંગ, ટ્રાફિક તેમજ રખડતા ઢોરની સમસ્યા અંગે વડી અદાલતે સરકાર સામે નારાજગી વ્યક્ત કરી.
- 17મી સપ્ટેમ્બરથી શરૂ થનારા સ્વચ્છતા હી સેવા અભિયાનની તૈયારીઓની મુખ્યમંત્રી દ્વારા વિડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી સમીક્ષા.
- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનના શાસનને આજે ત્રણ વર્ષ પૂર્ણ થયા. – ૩ વર્ષ દરમિયાન 11 નવી પોલીસીની જાહેરાત કરાઇ.

---

# CENTRAL TEAM AT ANAND

આણંદ અને ખેડા જિલ્લામાં તાજેતરમાં પડેલા ભારેથી અતિભારે વરસાદથી થયેલા નુકશાનનો તાગ મેળવવા માટે કેન્દ્રની ટીમે આણંદ જિલ્લાની મુલાકાત લીધી હતી.

તો બીજીતરફ વડોદરા, મોરબી, કચ્છ, સુરેન્દ્રનગર અને જામનગર સહિતના વરસાદથી અસરગ્રસ્ત જિલ્લાની મુલાકાત લઈ અને સ્થળ પર જઈ જાત માહિતી મેળવી હતી.

ભારત સરકારના નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર રાજેન્દ્ર રત્નુના નેતૃત્વમાં આવેલી આ કેન્દ્રની ટીમે આણંદ કલેકટર કચેરી ખાતે આણંદ અને ખેડા

જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. ત્યારબાદ જિલ્લાના તારાપુર તાલુકાના અસરગ્રસ્ત વિસ્તારોની તેમજ વાલંદાપુરા ગામની જાત મુલાકાત લઈને ભારે વરસાદથી થયેલા નુકશાનની વિગતો મેળવી હતી.સ્થાનિક તંત્ર દ્વારા પણ આણંદ અને ખેડા જિલ્લામાં થયેલા વ્યાપક નુકસાનની વિગતો આપવામાં આવી હતી.

---------------------------------------------------------------------

# AB PMJAY

આયુષ્માન ભારત પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના- AB PMJAY હેઠળ આવરી લેવામાં આવેલા તમામ પાત્ર વરિષ્ઠ નાગરિકોને યોજના હેઠળ એક નવું, વિશિષ્ટ કાર્ડ આપવામાં આવશે. સત્તાવાર સૂત્રોએ જણાવ્યું છે કે, 70 કે તેનાંથી વધુ ઉંમરની કોઈ પણ વ્યક્તિ આ યોજના માટે અરજી કરવા પાત્ર હશે. આ યોજના એક સપ્તાહમાં કાર્યરત થવાની ધારણા છે. આ એક એપ્લિકેશન-આધારિત યોજના છે, અને લોકોએ પોર્ટલ પર નોંધણી કરાવવાની રહેશે. પોર્ટલ પર ફેસ ઓથેન્ટિકેશન કરાવવાનું રહેશે અને ત્યારબાદ એક લિંક મોકલવામાં આવશે.

સૂત્રોએ જણાવ્યું કે, જેઓ ખાનગી વીમો ધરાવતા તથા કર્મચારી રાજ્ય વીમા નિગમ -ESICનાં લાભાર્થીઓ પણ AB PMJAY યોજના માટે અરજી કરી શકે છે.

---------------------------------------------------------------------

# ROAD REPAIRING RUSHIKESH PATEL

રાજ્યમાં ભારે વરસાદને પગલે રોડ-રસ્તાની સર્જાયેલ પરિસ્થિતિને સંપૂર્ણપણે સત્વરે પૂર્વવત કરવા રાજ્ય સરકાર કાર્ય કરી રહી છે.

તેની વિગતો આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતુ કે, રાજ્યમાં ભારે વરસાદથી રોડ-રસ્તાઓની સર્જાયેલી પરિસ્થિતિના સમારકામને તા. ૧૫ મી સપ્ટેમ્બર સુધીમાં સંપૂર્ણપણે પૂર્ણ કરવામાં આવશે.

રાજ્યમાં માર્ગ અને મકાન વિભાગ હસ્તક કુલ 1 લાખ 30 હજાર કિલોમીટર લંબાઇના રસ્તાઓ છે. જે પૈકી કુલ 4 હજાર 172 કિ.મી. લંબાઇના રસ્તા વરસાદમાં નુકશાન પામેલા હતા.

જેમાં યુધ્ધના ધોરણે કામગીરી હાથ ધરીને કુલ 2 હજાર 429 કિ.મી. ના રસ્તાઓમાં મેટલ પેચવર્ક કામ પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. બાકી રહી જતા 1 હજાર 743 કિલોમીટર. રસ્તાઓના મેટલ પેચવર્કનું કામ આગામી ત્રણ દિવસમાં સત્વરે પૂર્ણ કરાશે.

---------------------------------------------------------------------

# HIGH COURT

ગુજરાત વડી અદાલતે રોડ રસ્તા, પાર્કિંગ અને રખડતાં ઢોર તેમજ ટ્રાફિકની વધતી જતી સમસ્યા અંગે સરકાર સામે નારાજગી વ્યક્ત કરી છે. આ તમામ સમસ્યાઓના મામલે અદાલતના આદેશના અમલ નહી કરવાની કન્ટેમ્પ્ટ પિટીશનની સુનાવણી દરમિયાન હાઇકોર્ટની ખંડપીઠે સરકાર સામે નારજગી વ્યક્ત કરી હતી.

વડી અદાલતની ખંડપીઠે રહેણાંક, કોમર્શિયલ ઇમારતોમાં ખૂટતાં પાર્કિંગ માટે ફી જાહેર કરવાના સરકારના નિર્ણય અંગે પણ અણગમો વ્યક્ત કર્યો હતો. વડી અદાલતે સરકાર પાસેથી જવાબ માંગીને વધુ સુનાવણી આવતા ગુરૂવારના રોજ મુકરર કરી છે.

---------------------------------------------------------------------

# SWACHATA HI SEVA ABHIYAN

આગામી 17મી સપ્ટેમ્બરથી ‘સ્વચ્છતા હી સેવા-૨૦૨૪’ અભિયાનનો દેશવ્યાપી પ્રારંભ થવાનો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિન 17 સપ્ટેમ્બરથી આ અભિયાનનો આરંભ થશે.

આ અભિયાન અંતર્ગત મુખ્યમંત્રીએ આ સંદર્ભમાં રાજ્યના મહાનગરોના મ્યુનિસીપલ કમિશનરો તથા જિલ્લા કલેક્ટરો સાથે ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સ યોજીને અભિયાનના આયોજનને અપાઈ રહેલા આખરી ઓપની સમીક્ષા કરી હતી. ગુજરાતમાં “સ્વચ્છતા હી સેવા-૨૦૨૪” અભિયાન અને સેવાસેતુનો ૧૦મો તબક્કો બન્ને તા. 17 સપ્ટેમ્બરથી શરૂ થઈને 31મી ઓક્ટોબર સુધી જનભાગીદારી સાથે યોજાવાના છે. જેમા સ્વચ્છતા શપથ, શેરી નાટકો, વોલ પેઈન્ટીંગ, વેસ્ટ ટુ આર્ટ ઉપરાંત સ્વચ્છતાની થીમ આધારીત સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે..

---------------------------------------------------------------------

# MID BREAK- NEWS-REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..**

---------------------------------------------------------------------

# AMBAJI WEAST MANAGEMENT

અંબાજી પદયાત્રા દરમિયાન એકત્રિત થતા વિવિધ કચરાનો વૈજ્ઞાનિક પદ્ધતિથી નિકાલ કરાશે તેમ વન અને પર્યાવરણ મંત્રી મુળુ બેરાએ જણાવ્યું હતું.

અંબાજી પદયાત્રા માર્ગ પર જોવા મળતા કચરાનો યોગ્ય રીતે નિકાલ કરવાના ઉદ્દેશ સાથે 100 જેટલા સ્વયંસેવકો-વાહનોને ગાંધીનગરથી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. અંબાજી પદયાત્રીઓને પાંચ પ્લાસ્ટિકની બોટલની સામે એક સ્ટીલની બોટલ આપવામાં આવશે. વિવિધ ઉદ્યોગ એશોસિએશન દ્વારા 5,000 સ્ટીલ બોટલની વિતરણ કરાશે.

અંબાજી પદયાત્રા માર્ગ પર અત્યાર સુધીમાં 300 ટનથી વધુ કચરાનો નિકાલ કરવામાં આવ્યો છે. ગઈકાલે પહેલાં દિવસે શ્રદ્ધાળુઓને પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. વધુ માહિતી આપતાં અંબાજી જિલ્લા કલેક્ટર.

(ઓડિયો – મિહિર પટેલ, અંબાજી જિલ્લા કલેક્ટર)

---------------------------------------------------------------------

# CM - THREE YEARS

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના શાસનના ત્રણ વર્ષ પૂર્ણ થયા છે. 13મી સપ્ટેમ્બર 2021ના રોજ તેમણે કાર્યભાર સંભાળ્યો હતો. તેમના ત્રણ વર્ષના શાસનમાં 11 જેટલી નીતિઓની જાહેરાત કરવામાં આવી છે.

જેમાં ગુજરાત આત્મનિર્ભર, ગુજરાત બાયોટેકનોલોજી, આઇટી પોલીસ તેમજ રમત ગમત નીતિ સહિતની પોલીસીનો સમાવેશ થાય છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જિલ્લાઓમાં પહોંચીને અચાનક કામગીરીની મુલાકાતનો અભિગમ પણ અપનાવ્યો છે. આ ઉપરાંત કેટલાંક અધિકારીઓ અને કર્મચારીઓને ફરજીયાત નિવૃત્ત કરીને શાસનને પારદર્શક બનાવવાનો પણ તેમણએ પ્રયાસ આદર્યો છે.

---------------------------------------------------------------------

# MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 29મી તારીખે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં દેશ વિદેશનાં લોકો સાથે તેમનાં વિચારો રજૂ કરશે.

માસિક રેડિયો કાર્યક્રમની આ 114મી કડી હશે. લોકો ટોલ ફ્રી નંબર 1800-11-7800 પર પોતાના વિચારો અને સૂચનો રજૂ કરી શકે છે. આ ઉપરાંત 1922 પર મિસ્ડ કોલ કરવાથી એસએમએસ પર મળેલી લિન્ક ઓપન કરીને પણ પ્રધાનમંત્રીને પોતાનાં સૂચનો રજૂ કરી શકાશે. આ ઉપરાંત, નરેન્દ્ર મોદી એપ અથવા માય જીઓવી ઓપન ફોરમ પર પણ ઓનલાઇન રજૂઆત કરી શકાશે. 27 સપ્ટેમ્બર સુધી સૂચનો સ્વીકારવામાં આવશે.

મન કી બાત કાર્યક્રમનું પ્રસારણ 29 સપ્ટેમ્બરે સવારે 11 વાગે આકાશવાણી અને દૂરદર્શનનાં તમામ નેટવર્ક, એઆઇઆર ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ પર કરવામાં આવશે.

---------------------------------------------------------------------

# GODHARA GANESH VISARJAN

પંચમહાલ જિલ્લાના મુખ્મથક ગોધરા ખાતે ગણેશ વિસર્જન થયું હતું. ગોધરા શહેરના વિવિધ માર્ગો ઉપરથી ગણેશ મંડળો દ્વારા વિશાળ વિસર્જન યાત્રા યોજાઇ હતી. પોલીસના ચુસ્ત બંદોબસ્ત સાથે આ યાત્રા યોજાઇ હતી. જેમાં શહેરમા સ્થાપિત ગણેશનું મૂર્તિઓનું તળાવમાં વિસર્જન કરાયું હતું.

જોકે એક ટ્રાફિક કર્મીના હ્રદય રોગના હુમલાને કારણે થયેલા અવસાનને કારણે પોલીસ તંત્રમાં શોક વ્યાપ્યો હતો. પોલીસે પણ શાંતિપૂર્ણ રીતે ગણેશ વિસર્જન થતાં તમામનો આભાર વ્યક્ત કર્યો હતો.

---------------------------------------------------------------------